પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૦૫ | ૧૬ જાન્યુઆરી, ૨૦૧૮, મંગળવાર ; પોષ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પ્રવિણ તોગડીયા અર્ધબેભાન હાલતમાં મળ્યા

**મોડીસાંજે અમદાવાદના કોતરપુર વિસ્તારમાં અર્ધબેભાન હાલતમાં ડો. તોગડીયા મળી આવતા શાહીબાગની ચંદ્રમણી હોસ્ટિપલમાં સારવાર માટે દાખલ કરાયા : વીએસપીના અગ્રણીઓના મતે સુગર ઘટી જતા ડો. તોગડીયા બેભાન થયાનું પ્રાથમિક રીતે જણાય છે : અગિયાર કલાક અમદાવાદ સહિત રાજ્યભરમાં ઉત્તેજનાના માહોલનો અંત**

અમદાવાદ,તા.૧૫

વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય કાર્યાધ્યક્ષ એકાએક ગુમ થતાં સર્જાયેલી ઉત્તેજનાનો ૧૧ કલાકના અંતે સાંજે ૯.૩૦ કલાકે અંત આવ્યો હતો. અમદાવાદના કોતરપુર વિસ્તારમાં સુગર ઘટી જવાના કારણે અર્ધબેભાન અવસ્થામાં મળી આવ્યા હતા. ૧૦૮ની સેવાઓ દ્વારા શાહીબાગની ચંદ્રમણી હોસ્પિટલમાં ડૉ. તોગડીયાને સારવાર માટે લઈ જવાયા હતા. જ્યાં ડૉક્ટરોની પેનલ આ લખાય છે ત્યાં સુધી તપાસી રહી છે.

દરમિયાન દિવસ દરમિયાન વિશ્વહિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય કાર્યાધ્યક્ષ પ્રવીણ તોગડિયાની સોલા અને રાજસ્થાન પોલીસ દ્વારા ધરપકડ કરાઈ હોવા આક્ષેપ વીએચપી દ્વારા કરાયો હતો. છેલ્લા સાતેક કલાકથી એડ સિક્યોરિટી ધરાવતાં પ્રવિણ તોગડિયા લાપતાં છે, જ્યારે પોલીસનું કહેવું છે કે, અમે તેમની ધરપકડ કરી નથી.

સોલા પોલીસ સ્ટેશનનના પીઆઈ જેએસ પટેલે જણાવ્યું હતું કે, રાજસ્થાન પોલીસે અમારી મદદ માગી હતી. અમારો સ્ટાફ અને રાજસ્થાન પોલીસની ટીમ ધરપકડ કરવા માટે તોગડિયાના ઘરે ગયા હતા. જોકે તોડગડિયા ઘરે મળ્યા નહોતા. જેથી સોલા પોલીસ સ્ટેશનમાં નોંધ કરી રાજસ્થાન પોલીસ પરત ફરી હતી.તો બીજી તરફ વિશ્વ હિન્દુ પરિષદના મીડિયા ઈન્ચાર્જ(ઉત્તર ગુજરાત) હેમેન્દ્ર ત્રિવેદી મુજબ, પોલીસે આજે બપોરના ૧૧ વાગ્યે કાર્યાલયથી તોગડિયાની ધરપકડ કરી લીધી છે.

પ્રવીણ તોગડિયાની ધરપકડના આક્ષેપ બાદ વીએચપીના કાર્યકરો હાઈવે પર ઉમટી પડ્યાં હતાં અને એસજી હાઈવે બ્લોક કરી ચક્કાજામ કર્યો. વીએચપીના કાર્યકરો મોટી સંખ્યામાં એસજી હાઈવે પર એકઠા થયા છે અને પોલીસ વિરુદ્ધ સૂત્રોચ્ચારો કરી વિરોધ નોંધાવી રહ્યાં છે.

પ્રવીણ તોગડિયાનું નામ



રાજસ્થાનના ગંગાનગર પોલીસ સ્ટેશનમાં ૧૦ વર્ષ જુના રાયોટિંગ કેસમાં અચાનક ખોલવામાં આવ્યું છે. જેને લઈને વીએચપીએ આરોપ મુક્યો છે કે, કિન્નાખોરી રાખીને ફરીથી કેસ ખોલવામાં આવ્યો છે.

રાજસ્થાન પોલીસ ૧૫ જાન્યુઆરીએ સવારે તોગડીયાને ઉઠાવીને લઈ ગઈ છે. તેમને શા માટે ઉપાડી જવામાં આવ્યા તે અંગે કોઈને કહેવામાં આવ્યું નથી. તેમને ચૂપચાપ ઉઠાવીને ક્યાં લઈ જવામાં આવ્યા છે, તે અંગે રાજસ્થાન પોલીસ કંઈ કહેવા તૈયાર નથી.

વીએચપીના આંતરરાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તોગડિયા જ્યારથી સંઘ અને ભાજપની ઈચ્છા વિરુદ્ધ જઈને ફરીવાર અધ્યક્ષ બન્યા છે ત્યારથી તેમને વૈચારિક રીતે ખતમ કરવા માટે કેટલાંક રાજકીય નેતાઓ સક્રિયતાથી યોજના ઘડી રહ્યા છે. તેમની સામે ગુજરાતમાં કેસ શરુ કરાયા છતાં તોગડીયા ઝૂક્યા ન હોવાથી રાજસ્થાન પોલીસને એક કેસમાં ડૉ. પ્રવીણ તોગડીયાની ધરપકડ કરવા માટે ગુજરાત મોકલવામાં આવી હતી. ફઉઁના સૂત્રોએ જણાવ્યું હતું કે, રાજસ્થાન પોલીસ ગુજરાતમાં આવી છે, તે સામાન્ય પ્રકારની હલચલ નથી પણ અમને શંકા છે કે, તોગડીયાનું એક્રાઉન્ટર કરવામાં આવે એવી સંભાવના છે.

રાજસ્થાન પોલીસ દ્વારા ડૉ. તોગડીયાને કોઈ અજ્ઞાત સ્થળે લઈ જવામાં આવ્યા છે. તો બીજી તરફ ડૉ. પ્રવિણ તોગડીયાની અટકાયતના પગલે અમદાવાદના સોલા પોલીસ સ્ટેશને વિશ્વ કનિદૈ લાકિઅ હિંદુ પરિષદના કાર્યકર્તાઓ એકઠા થઈ ગયા હતા. અને સોલા પોલીસ સ્ટેશનમાં પોલીસ વિરોધી નારાઓ લગાવ્યા હતા.



અમદાવાદમાં ૨૨ વર્ષ જુના ધોતિયાકાંડમાં કનિદૈ લાકિઅ વોરંટ નિકળ્યા અકિલા બાદ ડૉ તોગડીયાઓ મોદીના નામનો ઉલ્લેખ કર્યા વગર આક્ષેપ કર્યો હતો કે તેઓ રામ મંદિર અને ખેડુતોની વાત કરે છે તેના કારણે કનિદૈ લાકિઅ તેમના જુના કેસ ફરી ખુલી રહ્યા છે. અમદાવાદની ઘટના બાદ રાજસ્થાનની આ બીજી ઘટના છે, જેના કારણે રાજકિય માહોલ ગરમાયો છે.

દરમિયાન વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ ડો. પ્રવીણ તોગડીયાની રાજસ્થાન પોલીસે ધરપકડ કરી હોવાના અહેવાલ છે. વીએચપીના કેટલાક ફોટા વાયરલ કરવામાં આવ્યા છે, જેમાં તેમનું એક્રાઉન્ટર કરાય તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે. જોકે, સોલા પોલીસે અટકાયત કે ધરપકડ ન કરી હોવાનો દાવો કર્યો છે.

પ્રવીણ તોગડિયાની ધરપકડના અહેવાલો વચ્ચે વીએચપી તરફથી કેટલાક સ્ફોટક પોસ્ટર વાયરલ કરાયા છે, જેમાં તેમનું એક્રાઉન્ટર થઈ શકે, તેવી આશંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. તોગડિયાની અમદાવાદથી જ ધરપકડ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

ઉપરાંત પ્રવીણ તોગડીયાના પુત્ર આકાશ તોગડીયા કહે છે સવારે રાજસ્થાન પોલીસ ઘરે આવી હતી, પછી પપ્પાનો સંપર્ક નથી. તે ક્યાં છે તેની અમને ખબર નથી. પોલીસને જાણ કરી છે. પોલીસે તુરંત શોધખોળ શરૂ કરવી જોઈએ.

**વિશ્વ હિંદુ પરિષદના આંતરરાષ્ટ્રીય પ્રમુખ અને ઝેડ સિક્યુરિટી ધરાવતા ફાયરબ્રાન્ડ હિન્દુ નેતા ૧૦.૩૭ વાગ્યાથી લાપત્તા થતા રાજ્ય અને દેશમાં ભારે રાજકીય ઉત્તેજના પ્રસરી હતી : અમદાવાદ સહિત રાજ્યભરમાં વીએચપીના કાર્યકરોએ દેખાવો યોજી વિરોધ વ્યક્ત કર્યો હતો : ગુજરાત પોલીસે ધરપકડની વાત નકારી, વિશ્વ હિન્દુ પરિષદે વ્યક્ત કરી એક્રાઉન્ટરની આશંકા : રાજસ્થાનના ગંગાનગરમાં ૧૦ વર્ષ જુનો કેસ ફરી ખોલાયો**

## ન્યુઝ ટ્રેક

### રાહુલ બે દિવસ અમેઠીની મુલાકાતે

ઉત્તર પ્રદેશના અમેઠી જિલ્લામાં પોસ્ટરે ભારે ઉહાપોહ મચાવ્યો છે. પોસ્ટરમાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીને ભગવાન રામ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રાવણ દર્શાવવામાં આવ્યા છે. રાહુલ ગાંધીની અમેઠી મુલાકાતના એક દિવસ અગાઉ રવિવારે જ ગોરીગંજ રેલવે સ્ટેશન પર આ પોસ્ટરે દેખા દીધી છે.

### મારા પિતાના મોતની તપાસ જરૂરી નથી : જસ્ટિસ લોયાનો પુત્ર

કોંગ્રેસ દ્વારા સીબીઆઈના સ્પેશિયલ જજ રહેલા બી.એચ. લોયાના શંકાસ્પત મોતની તપાસની માંગણી કરી હતી. ત્યારબાદ જસ્ટિસના પુત્ર અનુજ લોયાએ પત્રકાર પરિષદ યોજીને કહ્યું હતું કે મારા પિતાના મોતની તપાસ જરૂરી નથી, અમને કોઈના પર શંકા નથી.

### ઝારખંડમાં ટ્રક અને રિક્ષા વચ્ચે અકસ્માતમાં ૧૨ લોકોના મોત

ઝારખંડના ગુમલા જિલ્લાના પલ્મદિપા ગામની નજીક રાષ્ટ્રીય ધોરી માર્ગ ૪૩ પર મોડી રાતના પૂરપાટ ઝડપે આવતી ટ્રકની અડફેટે રીક્ષા આવી જતાં ૧૨ લોકોના મોત નિપજ્યાં છે. આ રીક્ષામાં સવાર લોકો ઉત્તરાયણ ઘઘારી મેળો કરી પોતાના ગામ ભરનો જઈ રહ્યાં હતાં.

### પેરૂમાં ૭.૩ની તીવ્રતાનો ભૂકંપ

પેરૂમાં રવિવારે ભૂકંપ આવ્યો હોવાંના સમાચાર પ્રાપ્ત થઈ રહ્યાં છે. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૭.૩ માપવામાં આવી છે. ભૂકંપનું કેન્દ્ર પીક્યૂ દર્શાવવામાં આવી રહ્યું છે. જો કે હજી સુધી ભૂકંપથી કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ હોવાંનાં સમાચાર નથી મળી રહ્યાં.

# ભારત-ઈઝરાયેલ વચ્ચે ૭ સમજૂતિ કરાર

**નેતાન્યાહૂ અને મોદી વચ્ચે હૈદરાબાદ હાઉસમાં શિખર મંત્રણા : મોદી-નેતાન્યાહૂની સંયુક્ત પત્રકાર પરિષદઃ રાષ્ટ્રપતિ ભવનમાં ઇઝરાયેલના વડાપ્રધાન નેતાન્યાહૂને ગાર્ડ ઓફ ઓનર પણ અપાયું**



નવી દિલ્હી,તા. ૧૫

૭ દિવસના ભારત પ્રવાસે પહોંચેલા ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતાન્યાહૂ અને ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે હૈદરાબાદ હાઉસમાં ઐતિહાસિક શિખર બેઠક યોજી હતી ત્યારબાદ સંયુક્ત પત્રકાર પરિષદ પણ યોજી હતી. બંને દેશો વચ્ચે નવ સમજૂતિ ઉપર હસ્તાકષર કરવામાં આવ્યા છે. આ પહેલા નેતાન્યાહૂ આજે રાષ્ટ્રપિતાની સમાધી ઉપર શ્રદ્ધાંજલિ આપવા માટે પહોંચ્યા હતા. રાષ્ટ્રપતિ ભવનમાં તેમને ગાર્ડ ઓફ ઓનર પણ આપવામાં આવ્યું હતું. બંને દેશો વચ્ચે અનેક મહત્વપૂર્ણ સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. સાયબર સુરક્ષાને લઈને ભારત અને ઈઝરાયેલ વચ્ચે સહમતિ સધાઈ હતી. ફિલ્મ નિર્માણ, પેટ્રોલિયમથી લઈને ઈન્વેસ્ટમેન્ટ ઈન્ડિયા ઈન્વેસ્ટ ઈઝરાયેલને લને બંને દેશો વચ્ચે સમજૂતિ થઈ હતી. શૌર ઉર્જાના ક્ષેત્રમાં પણ બંને દેશો વચ્ચે સમજૂતિ થઈ છે. વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનની શરૂઆતમાં કેટલીક લાઈનો ઈઝરાયેલી ભાષામાં કહી હતી. નેતાન્યાહૂને દોસ્ત બીબી કહીને સંબોધન કર્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

# સુપ્રીમનું સંકટ સમાપ્ત

**પ્રેસ કોન્ફરન્સ કરનાર ચાર જજ પુનઃ કાર્યરત : એકબીજા સાથે સવારે વાત કર્યા બાદ કામ પર પરત : ચીફ જસ્ટિસે પણ કોઇ પ્રતિક્રિયા આપી નહીં**



નવીદિલ્હી, તા.૧૫

સુપ્રીમ કોર્ટના ચાર જજ દ્વારા પત્રકાર પરિષદ બોલાવીને દેશના ન્યાયપાલિકાની સ્થિતિને લઈને વિવાદ સર્જી કાઢ્યા બાદ હવે પત્રકાર પરિષદ યોજનાર ચાર જજ કામ ઉપર પરત ફર્યા છે. આજે ચારેય જજ પોતાના કામ ઉપર પરત ફર્યા હતા. ચીફ જસ્ટિસ દિપક મિશ્રા જ્યારે કોર્ટ પહોંચ્યા ત્યારે તેઓએ પોતાના તરફથી કોઇ પ્રતિક્રિયા આપી ન હતી. વકીલો અને મિડિયાના પ્રશ્નોની અવગણના કરીને તેઓ પોતાની કેબિન તરફ આગળ વધી ગયા હતા. એટર્ની જનરલ એ વૈદ્યનાથને કહ્યું હતું કે, કોર્ટ પ્રક્રિયા સારીરીતે ચાલી રહી છે. કોઈપણ પ્રકારની વિખવાદની સ્થિતિ નથી. શુક્રવારના દિવસે ચીફ જસ્ટિસ બાદ સુપ્રીમ કોર્ટના ચાર વરિષ્ઠ જજ જસ્ટિસ ચેલેમેશ્વર, જસ્ટિલ મદન લાકુર, જસ્ટિસ કુરિયન જોસેફ અને જસ્ટિસ રંજન ગોગોઇ મિડિયા સમક્ષ ઉપસ્થિત થયા હતા.

આજે આ ચારેય જજ પોતાના કામ ઉપર પરત ફર્યા હતા. મિડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, જજોએ સવારે મુલાકાત કરી હતી અને એકબીજા સાથે ચર્ચા કરી હતી. એ વખતે સ્ટાફને જજની સાથે રહેવાની મંજુરી આપવામાં આવી ન હતી. જજની પત્રકાર પરિષદ બાદ કાયદાકીય વર્તુળોમાં હોબાળો મચી ગયો હતો. ભાજપ અને સરકાર તરફથી કોઈ સ્પષ્ટ પ્રતિક્રિયા આપવામાં આવી ન હતી.

# અંકુશરેખા પર સેનાની કડક કાર્યવાહી

**અંકુશરેખા પર અગ્રીમ ચોકી પર કાર્યવાહી : ૭ પાક જવાનના મોત**

શ્રીનગર, તા.૧૫

ભારતીય સેનાએ આજે અંકુશરેખા પર મોટુ ઓપરેશન હાથ ધર્યું હતું જેના ભાગરુપે સાત પાકિસ્તાની સૈનિકોને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. અન્ય ચાર જવાનો ઘાયલ પણ થયા હતા. જમ્મુ કાશ્મીરમાં પૂંચ જિલ્લામાં અંકુશરેખા ઉપર અગ્રિમ ચોકીઓ ઉપર સેનાએ આ કાર્યવાહી હાથ ધરી હતી. જમ્મુ કાશ્મીરના રાજૌરી જિલ્લામાં અંકુશરેખા ઉપર પાકિસ્તાની ગોળીબારમાં એક ભારતીય જવાન શહીદ થયા બાદ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બીજી બાજુ પાકિસ્તાની સેનાએ એક નિવેદનમાં કહ્યું છે કે, કોટલી સેક્ટરમાં જનદ્રુતમાં અંકુશ રેખા પર તેના ચાર સૈનિકો માર્યા ગયા છે.



● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીરમાં ઘુસણખોરીના પ્રયાસમાં ૬ ત્રાસવાદીઓ ઠાર

**જમ્મુ કાશ્મીરમાં સેનાને વધુ એક સફળતા : ત્રાસવાદીઓ પાસેથી મોતનો મસાલો કબજે**

શ્રીનગર, તા.૧૫

સેના દિવસ મનાવી રહેલા ભારતીય જવાનોએ આજે જમ્મુ કાશ્મીરમાં મોટી સફળતા હાસલ કરી હતી. ૬ ત્રાસવાદીઓને મોટુ ઓપરેશન હાથ ધરીને ઠાર મારી દેવામાં આવ્યા હતા. ઠાર થયેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં હથિયારો અને દારુગોળાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ ઓપરેશનમાં અન્ય એક ત્રાસવાદી પણ ઠાર થયો હતો. જો કે, તેના અંગે માહિતી મળી શકી નથી. જમ્મુ કાશ્મીર પોલીસના મહાનિર્દેશક સેસ પૌલ વૈદ્યએ કહ્યું છે કે, જૈશે મોહમ્મદના આ ત્રાસવાદીઓ દુલાન્જા ઉરી સેક્ટરમાં ઘુસણખોરી કરવાના પ્રયાસ કરી રહ્યા હતા. જમ્મુ કાશ્મીર પોલીસ, સેના અને સીઆરપીએફની કાર્યવાહીમાં આ આતંકવાદીઓ માર્યા ગયા હતા. આ પહેલા જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા દળોએ શનિવારના દિવસે પણ મોટી આતંકવાદી યોજનાને નિષ્ફળ બનાવી દીધી હતી. આઈઈડીના સુરક્ષા દળોના કાફલા પર મુકીને બ્લાસ્ટ કરવાની યોજના તૈયાર કરવામાં આવી હતી. શ્રીનગરમાં સીઆરપીએફના કમાન્ડિંગ ઓફિસર રાજેશકુમારે કહ્યું છે કે, સુરક્ષા સંસ્થાઓને સવારે ત્રણ વાગે શ્રીનગર બારામુલ્લા હાઈવે પર આઈઈડી હોવાની માહિતી મળી હતી. માહિતી મળ્યા બાદ સ્થાનિક પોલીસ, સેનાના બે રાષ્ટ્રીય રાયફલ, સીઆરપીએફની સંયુક્ત ટીમો દ્વારા ઓપરેશન હાથ ધરાયું હતું. હાલના દિવસોમાં જૈશે મોહમ્મદ અને લશ્કરે તોઈબાના અનેક ઘાતક ત્રાસવાદીઓ અને તેમના લીડરો ફૂંકાઈ ચુક્યા છે. વર્ષ ૨૦૧૭માં સેનાના ઓલઆઉટ ઓપરેશનમાં ૨૦૦થી પણ વધુ ત્રાસવાદીઓનો ખાત્મો બોલાવવામાં આવ્યો હતો. વહેલી પરોઢે બાતમી મળ્યા બાદ જોરદાર ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેને સફળતા મળી હતી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય